# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-05-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'ભારતે આતંકવાદને નેસ્તનાબૂદ કરવાનો નિર્ણય કરી લીધો છે.**
2. **પ્રધાનમંત્રીએ આજે ગાંધીનગરથી પાંચ હજાર 536 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યું.**
3. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, શહેરી વિકાસ વર્ષની ઉજવણીથી વિકાસની પરિભાષા બદલાઈ ગઈ છે.**
4. **ગત 24 કલાકમાં અમદાવાદમાં કોરોનાના 17 અને જામનગરમાં સાત નવા કેસ નોંધાયા.**
5. **રાજ્યમાં આગામી બે જૂન સુધી મધ્યમથી ભારે વરસાદની આગાહી.**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM MODI GANDHINAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું, ‘આતંકી પ્રવૃત્તિઓ હવે પ્રૉક્સી વૉર નહીં, પણ આયોજનબદ્ધ વ્યૂહરચના છે. તેથી તેનો જવાબ પણ એ જ રીતે અપાશે. ભારતે આતંકવાદને નેસ્તનાબૂદ કરવાનો નિર્ણય કર્યો છે.

(BYTE- PM MODI ON TERROR ATTACK)

ગાંધીનગરમાં શહેરી વિકાસ વર્ષના 20 વર્ષની ઉજવણીના સમારોહનો આજે પ્રારંભ કરાવતા શ્રી મોદીએ કહ્યું, ‘ઑપરેશન સિંદૂર અંતર્ગત માત્ર 22 મિનિટમાં જ પાકિસ્તાનના નવ આતંકી ઠેકાણા ધ્વસ્ત કરાયા.

(BYTE- PM MODI ON OPRATION SINDOOOR)

શ્રી મોદીએ જણાવ્યું, રાજ્ય સરકારે શહેરી વિકાસ વર્ષની ઉજવણીથી આવનારી પેઢી માટેની વ્યૂહરચના તૈયાર કરી છે. પ્રધાનમંત્રીએ વર્ષ 2035માં ગુજરાતની સ્થાપનાના 75 વર્ષ પૂર્ણ થશે તેની વ્યૂહરચના અત્યારથી તૈયાર કરવા પણ જણાવ્યું.

# PM INAUGURATION GANDHINAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતેથી '20 વર્ષ શહેરી વિકાસના' કાર્યક્રમ અંતર્ગત પાંચ હજાર 536 કરોડ રૂપિયાના વિવિધ 27 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યું. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ એક હજાર છ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા 22 હજારથી વધુ રહેણાક એકમોનું લોકાર્પણ કર્યું. દરમિયાન શ્રી મોદીએ સ્વર્ણિમ્ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ 17 મહાનગરપાલિકાને બે હજાર 731 કરોડ રૂપિયા અને 149 નગરપાલિકાને પાંચસો ઓગણસિત્તેર કરોડ રૂપિયાના ચેકનું વિતરણ કર્યું.

ઉપરાંત શ્રી મોદીએ ગાંધીનગર ખાતે 84 કરોડ રૂપિયાના ખર્ચે યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલૉજી ઍન્ડ રિસર્ચ સેન્ટરનું લોકાર્પણ તેમજ અમદાવાદમાં 588 કરોડ રૂપિયાના ખર્ચે એક હજાર 800 પથારી ધરાવતા IPD સાથે 500 પથારીની સુવિધા સાથેના ચેપી રોગ માટેના OPD બ્લૉકનું પણ ખાતમુહૂર્ત કર્યું. ઉપરાંત અમદાવાદ ખાતે એક હજાર કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા સાબરમતી રિવરફ્રન્ટના ત્રીજા તબક્કાનું ખાતમુહૂર્ત પણ કર્યું.

તેમણે શહેરી વિકાસ વિભાગ હેઠળ જામનગર, સુરત, અમદાવાદ, ગાંધીનગર અને જુનાગઢના કુલ એક હજાર 447 કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું. જળ સંસાધન વિભાગ હેઠળ એક હજાર 860 કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરાયું. શ્રી મોદીએ સુરતના કાંકરા-ખાડીના કિનારે 145 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા બાયૉડાયવર્સિટી પાર્કનું પણ લોકાર્પણ કર્યું.

# CM SHAHERI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં શહેરી વિકાસના 20 વર્ષની ઉજવણી તથા શહેરી વિકાસ વર્ષ 2025ના શુભારંભ પ્રસંગે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં વર્ષ 2005માં શહેરી વિકાસ વર્ષની ઉજવણીથી શહેરી વિકાસની પરિભાષા બદલી દીધી છે. તેમણે કહ્યું, શ્રી મોદીએ શહેરી વિકાસ વર્ષની ઉજવણીથી રાજ્યના શહેરી વિકાસને નવી દિશા આપી છે. તેના પરિણામે રાજ્યના નગરો અને મહાનગરોમાં નગરવિકાસના કામનો નવો અધ્યાય શરૂ થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું, ગિફ્ટ સિટી, ડ્રિમ સિટી, સાબરમતી રિવરફ્રન્ટ, BRTS અને મેંટ્રો સહિત શહેરોને આગવી ઓળખ આપતી પ્રતિકાત્મક પરિયોજના એ રાજ્યના આધુનિક શહેરીકરણની ઓળખ બની ગઈ છે.

# BAL ADHIKAR AYOG BETHAK

બોટાદ ખાતે આજે બાળ અધિકાર સંરક્ષણ આયોગની બેઠક યોજાઈ, જેમાં આયોગનાં વડાં ધર્મિષ્ઠા ગજ્જર અને સચિવે જરૂરી સૂચનો આપ્યાં. સુશ્રી ગજ્જરે બાળ સંરક્ષણ ગૃહોમાં બાળકોની સંખ્યા, વ્યવસ્થાપન તેમનાં શિક્ષણ તથા સુરક્ષાની વિગતો મેળવી. સાથે જ તેમણે બોટાદમાં બાળકોનાં પુનઃવસનની કામગીરીની પ્રશંસા કરી.

આ પ્રસંગે બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીની કામગીરીને બિરદાવવામાં આવી. સાથે જ ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષામાં મેળવેલી સફળતા બદલ તેઓ તેમજ જિલ્લાની તમામ શાળાઓને સર્ટિફિકેટ એનાયત કરાયા.

## STATE CORONA

રાજ્યમાં કોરોનાના કેસને લઈ આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. ત્યારે અમદાવાદમાં ગત 24 કલાકમાં કોરોનાના 17 કેસ નોંધાયા છે. મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉક્ટર ભાવિન સોલંકીએ જણાવ્યું, શહેરમાં ગત 24 કલાકમાં કોરોનાના 17 અને આ મહિને અત્યાર સુધીમાં કોરોનાના નેવ્યાસી કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાના 76 કેસ સક્રિય છે તેમજ બે દર્દી સારવાર હેઠળ છે.

બીજી તરફ જામનગરમાં ગત 24 કલાકમાં એક જ પરિવારના ચાર સહિત સાત નવા કેસ નોંધાયા છે. આ પરિવાર કેરળથી પરત આવતા તેમનો કોરોના રિપોર્ટ પૉઝિટિવ આવ્યો હતો. અત્યારે જામનગરમાં કોરોનાના 10 સક્રિય કેસ છે. આ અંગે મહાનગરપાલિકાના ઇન્ચાર્જ MOH ડૉક્ટર પલક ગણાત્રાએ વધુ માહિતી આપી.

## (BYTE- DR. PALAK GANATRA)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## WEATHER & RAIN DISTRICT-1

**હવામાન ખાતાએ આગામી બે જૂન સુધી રાજ્યમાં મધ્યમથી ભારે કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું, આ સમયગાળા સુધી માછીમારોને દરિયા ન ખેડવા સૂચના અપાઈ છે. બીજી તરફ આવતીકાલે રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની તેમજ કેટલીક જગ્યાએ વાવાઝોડા સાથે 40થી 50 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.**

**કેન્દ્રશાસિત પ્રદેશ દમણના દરિયામાં તોફાનની આગાહીને લઈ રામસેતુ અને નમો પથ બીચના દરિયામાં પ્રવેશદ્વાર બંધ કરાયા છે. દમણ વહીવટી તંત્રએ માછીમારોને પણ પરત બોલાવી લીધા છે.**

વલસાડમાં પણ ગઈકાલથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો. કમોસમી વરસાદ અને વાવાઝોડાની અસરના કારણે કેટલાક વિસ્તારમાં વીજ પૂરવઠો ખોરવાયો. વીજકર્મીઓએ મોડી રાત સુધી કામગીરી કરી વીજ પૂરવઠો પુનઃસ્થાપિત કર્યો હતો. ઉપરાંત જિલ્લામાં કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાનના સરવેની કામગીરી હાથ ધરાઈ છે.

છોટાઉદેપુરમાં ભારે વરસાદના કારણે મહાકાય વૃક્ષ ધરાશાયી થતાં જાહેર રસ્તાઓ બંધ થઈ ગયા. દરમિયાન જેતપુરપાવી તાલુકાના બોરધા ગામના એક ઘરમાં દિવાલ ધરાશાયી થતાં એક મહિલાનું મોત નીપજ્યું હોવાના પણ અહેવાલ છે. અમરેલીમાં ધારી શહેર અને આસપાસના વિસ્તારમાં ધોધમાર વરસાદ નોંધાયો. દલખાણિયા બોરડી દૂધાળા સાથે પાણિયાધારી, ચલાલા, ઝર, મોરઝર, છતડીયા, ખીચા, જીરા, સરસિયા અને ગોવિંદપુર સહિતના ગામમાં વરસાદને કારણે નદી-નાળાં છલકાઈ ગયા છે. તો અનેક માર્ગ પર પાણી ફરી વળ્યાના પણ દ્રશ્યો જોવા મળે છે. ડાંગ જિલ્લામાં ગત બે દિવસમાં સરેરાશ દોઢ ઇંચ જેટલો કમોસમી વરસાદ નોંધાયો. વરસાદના કારણે અસરગ્રસ્ત 62 જેટલા કાચા અને 58 જેટલા પાકા મકાનમાં રહેતા લોકોને સહાય આપવામાં આવી છે.

અરવલ્લીના મોડાસા તાલુકાના સાકરિયા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વાવાઝોડાના કારણે તારાજી સર્જાઈ. ત્યારે સાકરિયા ગ્રામ પંચાયત દ્વારા 20 જેટલા મકાનનો સરવે હાથ ધરાયો હોવાનું તલાટી કમ મંત્રી-ચંદ્રિકા પાંડોરે જણાવ્યું.

(BYTE- CHNDRIKA PANDOR TALATI CUM MANTRI, ARVALLI)

# AMRELI COAST GUARD

અમરેલી જિલ્લાના રાજુલાના પીપાવાવ ભારતીય તટરક્ષક મુખ્યમથક ખાતે દરિયાઈ સુરક્ષા અને માછીમારોની સલામતી અંગે બેઠક યોજાઈ. ભારતીય તટરક્ષક કમાન્ડ ઑફિસર સુભાષ કપૂરની અધ્યક્ષતામાં બેઠકમાં ચોમાસા દરમિયાન માછીમારોની સલામતી અંગે ચર્ચા કરવામાં આવી. તેમજ માછીમારી પર મૂકાયેલા પ્રતિબંધનું યોગ્ય પાલન થાય તેના પર ભાર મૂકાયો હોવાનું ફિશરીઝ અધિકારી કિશોર સિકોતેરિયાએ જણાવ્યું.

તેમણે કહ્યું, પીપાવાવથી સુરત, નવસારી, વલસાડ અને ભાવનગર સુધીના દરિયાકિનારે તટરક્ષકની ટુકડી સતત પેટ્રોલિંગ કરી રહી છે. તેમજ તમામ હિલચાલ અને લૅન્ડિંગ પૉઈન્ટ્સ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આ બેઠકમાં વલસાડ, નવસારી, સુરત, ભાવનગર અને જાફરાબાદના ફિશરીઝ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.